# સુરત મહાનગરપાલિકા ચેપ / નિયંત્રણ પગલા માટેની માર્ગદર્શિકા

ગૃહ મંત્રાલયે 15.04.2020 ના રોજ કોરોના વાયરસના ફેલાવાને કારણે લોકડાઉન નં . 2 લાગુ કરવા માટે નવી માર્ગદર્શિકા આપી છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 14.04.2020 ના રોજ રાષ્ટ્રને સંબોધન દરમિયાન કહ્યું હતું કે 20 મી એપ્રિલ 2020 પછી નોન-હોટસ્પોટ વિસ્તારોમાં થોડી છૂટછાટ આપવામાં આવશે . આગળ, માર્ગદર્શિકામાં કેટલીક આર્થિક પ્રવૃત્તિઓની સૂચિ પણ આપવામાં આવી છે જેની મંજૂરી આપવામાં આવશે લોકોને દૈનિક વેતન મળી રહે અને ઉદ્યોગો સરળ રીતે ચાલી શકે અને કોરોના વાયરસનો ફેલાવો અટકે અને નવા કેસ ન થાય તે સુનિશ્ચિત કરવા વિવિધ કચેરીઓ/ઉદ્યોગો, જાહેર સ્થળો વગેરે દ્વારા વિવિધ સાવચેતીનાં પગલાં લેવામાં આવે તે મહત્વપૂર્ણ છે . કોરોના વાઈરસ સંદર્ભે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા “કચેરીઓ, જાહેર સ્થળોએ કોઈ નાગરિકને ચેપ / નિયંત્રણ પગલાં” વિષે વિસ્તૃત માર્ગદર્શિકા બનાવવામાં આવી છે.

વિવિધ ઉદ્યોગો, જાહેર સ્થળો, શેરી વિક્રેતાઓ, કચેરીઓ વગેરે દ્વારા લેવાના પગલા નીચે મુજબ છે

1. ઓફીસ જગ્યાઓ અને ખાનગી ક્લિનિક્સ

- કોન્ફરન્સ રૂમ સહિતની તમામ ઓફીસની જગ્યાઓ નીચે મુજબ સમયસર ધોરણે સાફ કરવી જોઈએ
    - દરરોજ સવારે અને સાંજે ઓફિસ સમય પહેલા અને ઓફિસ સમય બાદ સવાર સાંજ સાફ સફાઈ થવી જોઈએ.
    - જીવાણુ રહિત વિસ્તારમાંથી શરુ કરી જ્યાં ગંદકી વધારે હોય ત્યાં સાફ સફાઈ કરાવવી
    - સફાઇ સ્વચ્છ વિસ્તારોમાંથી શરૂ કરી ગંદા વિસ્તારો કરવી જોઈએ
    - પ્રવેશ દ્વારની લોબી, કોરિડોર, દાદર, હેન્ડ્રેઈલ, એસ્કેલેટર, એલિવેટર, સુરક્ષા ગાર્ડ બૂથ, મિટિંગ રૂમ/ઓફીસ રૂમ, કેફેટેરિયા જેવા વિસ્તારોની સાફસફાઈ કરવા માટે ૧% સોડિયમ હાયપોક્લોરાઇટ અથવા ફીનાઈલ કે જીવનાશક પાવડરનો ઉપયોગ કરવો
    - દરવાજાના હેન્ડલ્સ, સુરક્ષા તાળાઓ, ચાવીઓ વગેરે જેવા ધાતુઓ પરથી જંતુઓના નાશ કરવા માટે સેનેટાઈઝર / અલ્કોહોલનો ઉપયોગ કરી શકાય
    - તમામ કચેરીઓના પ્રવેશ દ્વાર પર સેનેટાઈઝરની વ્યવસ્થા હોવી જોઈએ
    - જો મીટિંગ / કોન્ફરન્સ / ઓફીસ રૂમમાં કોઈ કર્મચારી / અધિકારી માસ્ક પહેર્યા વગર બેઠા હોય અને તેમને ખાસી કે શ્વાશની તકલીફ હોય તો તેઓની બેઠકની આજુબાજુના વિસ્તારને ૧ % સોડિયમ હાયપોક્લોરાઇટથી સાફ કરવાનો રહેશે તેમજ તેવા કર્મચારીઓને કાર્યસ્થળે ના આવવા જણાવવું જોઈએ
    - જો ગ્રાહક અને વિક્રેતા વચ્ચે સોશિયલ ડીસટેન્સિગ રાખવાના પ્રયાસ છતાં જો તે શક્ય ન બને તો નોકરીદાતાએ તમામ કર્મચારીઓને માસ્ક પુરા પાડવા જોઈએ . અને માસ્ક પહેરવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

- પી.પી.ઈ. પહેર્યા વગર કોઈપણ વસ્તુ કે રીસાયકલીંગ માટે મોકલવામાં આવેલ વસ્તુઓને સ્પર્શ કરવો નહી તેમજ તેને પહેરવા અને કાઢવા માટે કર્મચારીઓને યોગ્ય અને અસરકારક તાલીમ આપવી જોઈએ અને પી.પી.ઇ.નો નિકાલ કરવા માટે પીળા કલરની ડસ્ટબિનનો ઉપયોગ કરવો જોઈએ અને બાદમાં, સાબુ અને પાણીથી તાત્કાલિક હાથ ધોવા જોઈએ

2. <u>કરિયાણાની દુકાનો, શાકભાજીની દુકાનો, મેડીકલ સ્ટોર્સ</u>

- ગ્રાહક અને વિક્રેતા વચ્ચેનું અંતર વધારવા માટે, બોક્સ અને દોરડા વગેરેનો ઉપયોગ કરીને કાઉન્ટરની પહોળાઈ (અંતર) ૪ ફૂટથી વધુ રાખવી જોઈએ
- બધા વિક્રેતાઓને માસ્ક, ગ્લોવ્ઝ પહેરવા અને દુકાનના એન્ટ્રી પોઇન્ટ (દરવાજા) પર સેનિટાઇઝર રાખવા આવશ્યક છે.
- જો કોઈપણ ખરીદનાર માસ્ક પહેર્યા વિના આવે તો વિક્રેતાએ ખરીદદારોને પાછા મોકલવા જોઈએ
- વિક્રેતાએ સુનિશ્ચિત કરવું જોઈએ કે જે ચીજવસ્તુ લોકો વધુ લેતા હોય તેના માટે ચોક્કસ જથ્થાના પેકેટો તૈયાર રાખવા જોઈએ, જેથી ખરીદનાર ઝડપથી ખરીદી કરી શકે
- વિક્રેતા દ્વારા બધા ખરીદનાર ગ્રાહકોને કોવીડ૧૯ નાં સલામતી અંગે જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ
- કોઈપણ વિક્રેતા કે જે ઉપરોક્ત સૂચનોનું પાલન ન કરે , તેમને ચેતવણી આપ્યા પછી તેમનો માલ જપ્ત કરવો જોઈએ / દુકાન સીલ કરવી જોઈએ
- જો ગ્રાહક અને વિક્રેતા વચ્ચે સોશિયલ ડીસટેન્સિંગ રાખવાના પ્રયાસ છતાં જો તે શક્ય ન બને તો નોકરીદાતાએ તમામ કર્મચારીઓને માસ્ક પુરા પાડવા જોઈએ અને માસ્ક પહેરવા પ્રોત્સાહિત કરવા જોઈએ
- કર્મચારીઓ દ્વારા સામાન્યપણે વપરાતી વસ્તુઓને કપડાના પોતા થી જંતુરહિત કરવા જોઈએ તેમજ ગ્રાહકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ટ્રોલીઓ/ બાસ્કેટને સાફ કરી જંતુનાશક દવા ના પોતા મારવા જોઈએ

3. <u>શાકભાજી વિક્રેતાઓની લારી</u>

- બધા શાકભાજી વેચનારાઓએ માસ્ક હાથ મોજા પહેરવા અને લારી/ ટેમ્પો પર સેનિટાઈઝર રાખવું જરૂરી છે
- જો કોઈપણ ખરીદનાર માસ્ક પહેર્યા વિના આવે તો, શાકભાજી વેચનારાઓએ એવા ગ્રાહકને શાકભાજી ન આપવી જોઈએ
- શાકભાજી વેચનારાઓએ સુનિશ્ચિત કરવું જોઈએ કે, જે શાકભાજી લોકો વધુ લેતા હોય તેના માટે ચોક્કસ જથ્થાના પેકેટો તૈયાર રાખવા જોઈએ જેથી ખરીદનાર ઝડપથી ખરીદી કરી, સ્થળ છોડી શકે
- શાકભાજી વિક્રેતાને તેમની પસંદગી અનુસાર વેચાણ માટે વિસ્તાર સોંપવો જોઈએ અને તે મુજબ પાસ ઈસ્યુ કરવા જોઈએ
- શાકભાજી વેચનારાઓ દ્વારા બધા ગ્રાહકોને કોવીડ૧૯ નાં સલામતી અંગે જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ
- કોઈપણ શાકભાજી વેચનાર ઉપરોક્ત સૂચનોનું પાલન ન કરેતો તેમને ચેતવણી આપ્યા પછી તેમનો માલ/ લારી જપ્ત કરવામાં આવે અને પરત ન આપવામાં આવે

4. <u>લોન્ડ્રીઝ</u>
    - બધા લોન્ડ્રીવાળાઓએ માસ્ક અને ગ્લોવ્સ ફરજિયાત પહેરવા જરૂરી છે
    - બધા લોન્ડ્રીવાળાઓએ દુકાનના એન્ટ્રી પોઇન્ટ(દરવાજા) પાસેના ટેબલ પર સેનિટાઇઝર રાખવા આવશ્યક છે.

- લોન્ડ્રીનાં માણસને હોમ ડિલિવરીની મંજૂરી કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહીં
- ગ્રાહકોએ તેમની પોતાની બેગમાં કપડાં એકત્રિત કરવા જોઈએ અને ૪૮ કલાક સુધી તે બેગનો ઉપયોગ ન કરવો જોઈએ
- દરરોજ સવારે લોન્ડ્રીમાં ડીસઇન્ફેકશન કરવું જોઈએ
- જો શક્ય હોય તો ઓનલાઈન પેમેન્ટને પ્રાધાન્ય આપવું જોઈએ

૫. <u>ખરીદનાર ગ્રાહકોને સલાહ</u>

➔ ખરીદનારોએ નીચે મુજબ કરવું જોઈએ

- બધા ખરીદનારોએ માસ્ક પહેરવા ફરજિયાત છે
- જે વેચનાર કોવીડ-૧૯ માર્ગદર્શિકાનું પાલન કરતા હોય અને માસ્ક અને ગ્લોવ્ઝ પહેર્યા હોય ફક્ત તે જ વેચનારાઓ પાસેથી ખરીદી કરવી જોઈએ
- તમામ ખરીદનાર/ મુલાકાતીઓએ / વેચનારાઓ સામાજિક અંતર( Social Distance) જાળવવું જોઈએ
- વેચનારા સાથે સીધો સંપર્ક ન થાય તે માટે ખરીદનારે તેમની પોતાની બેગ સાથે રાખવી આવશ્યક.છે
- ઘરે પહોંચ્યા પછી હાથ અને બેગ યોગ્ય રીતે સાફ કરવા જોઈએ
- બધી શાકભાજી ઉપયોગ કરતા પહેલા ગરમ પાણીથી ધોવી જોઈએ
- ઘરે પહોચ્યા બાદ દરેક ખરીદનારને સાવચેતીનાં ભાગ રૂપે ગરમ પાણીથી સ્નાન કરવું જ જોઈએ

૬. <u>બેંકના એટીએમ અને એમ્બ્યુલન્સ માટે જીવાણુનાશિત પગલાં</u>

- એટીએમ અને એમ્બ્યુલન્સમાં હેન્ડ સેનિટાઈઝરરાખવું જોઈએ (ખાસ કરીને પ્રવેશ સમયે)
- લોકોએ માસ્ક પહેરવુ ફરજિયાત છે, એટીએમનો ઉપયોગ કરતા પહેલા અને એટીએમનો ઉપયોગ કર્યા બાદ હેન્ડ સેનિટાઈઝરથી હાથ સાફ કરવા જરૂરી છે
- જે એટીએમ પર વોચમેન ન હોય એવા એટીએમ બંધ કરી દેવા જોઈએ
- એટીએમ સીસીટીવી કેમેરા દ્વારા મોનિટરીંગ કરીને હેન્ડ સેનિટાઇઝિંગ પ્રવૃત્તિ યોગ્ય રીતે થઈ રહી છે કે કેમ તે અંગે બેંકોએ તપાસ કરવી જોઈએ અને જે બેંકનાં એટીએમમાં સૂચનાનું પાલન થતું ના હોય તે બેંકનાં એટીએમની વિગતો દૈનિક ધોરણે એસએમસીને મોકલવી જોઈએ
- દર્દીને હોસ્પિટલ પહોચાડ્યા પછી એમ્બ્યુલન્સને ૧ % સોડિયમ હાયપોક્લોરાઇટથી ડીસઇન્ફેક્ટેડ કરવી જોઈએ.

૭. <u>જાહેર શૌચાલયો</u>

- બસ સ્ટેશનો, રેલ્વે સ્ટેશનો, ઉદ્યાનો, રસ્તાઓ, વગેરેના તમામ જાહેર શૌચાલયોની નિયમિત રોજેરોજ સોડિયમ હાયપોક્લોરાઇટથી સાફસફાઈકરવી જોઈએ.
- ધાતુના નળ કે અન્ય જગ્યા કે જ્યાં બ્લીચનો ઉપયોગ શક્ય નથી તે જગ્યાને 70% આલ્કોહોલનો ઉપયોગ કરીને સાફ કરવી જોઈએ
- સાફ સફાઈની દરેક વસ્તુ પહેલા અને ઉપયોગ કર્યા બાદ ડીસઇન્ફેટેડ કરવી જોઈએ
- ઉપયોગમાં લેવામાં આવતી ડોલ તેમજ અન્ય સાધનો ગરમ પાણીથી અથવા બ્લીચથી ડીસઈન્ફેક્ટેડ કરવા જોઈએ.

૮. <u>મુલાકાતી નોંધણી રજીસ્ટર:</u>

- દરેક સ્થાનોમાં વિઝિટર રજિસ્ટરને સચોટ નામ, ઉંમર, જાતી (સ્ત્રી/પુરુષ), સરનામું અને સંપર્ક નંબર સાથે જાળવવું ફરજિયાત છે.
- તમામ માલિકો, કર્મચારીઓ અને મુલાકાતીઓએ માસ્ક પહેરવાનું ફરજિયાત છે
- તમામ માલિકો, કર્મચારીઓ અને મુલાકાતીઓએ એકબીજાથી 3 ફૂટનું અંતર( Social Distance) રાખવું ફરજિયાત છે.
- જો કોઈ પણ વ્યક્તિ ગોપનીયતાના કારણોસર ફોન નંબર આપવાનો ઇનકાર કરે તો તે વ્યક્તિએ સાચું નામ અને સરનામું મુલાકાત રજીસ્ટરમાં ઉલ્લેખ કરવાનો રહેશે

૯. <u>બજારો, દુકાનો, મેડિકલ સ્ટોર તેમજ અન્ય સ્થળો કે જયા વધુ ભીડ રહેતી હોય</u>

- નીચે જણાવેલ જગ્યાઓ દિવસમાં બે વખત1% સોડિયમ હાયપોક્લોરાઇટથી કપડાના પોતાથી સાફસફાઈ કરવી જોઈએ.

➔ એલિવેટર બટનો ➔ હેન્ડરેલ્સ / હેન્ડલ્સ
➔ કોલ બટનો (લીફ્ટ) ➔ એસ્કેલેટર હેન્ડરેલ્સ
➔ જાહેર કાઉન્ટર્સ, ➔ ઈન્ટરકોમ સિસ્ટમ્સ
➔ ટેલિફોન ➔ પ્રિન્ટરો / સ્કેનર્સ - ઓફીસ મશીનો,
➔ ટેબલ ટોપ્સ, ➔ ખુરશી
➔ પેન ➔ ડાયરી ફાઈલો
➔ કોમ્પ્યુટરનું કી બોર્ડ, ➔ માઉસ અને માઉસ પેડ
➔ ચા અને કોફી મશીનો